# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૫ તા.૨૧-૧૨-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ફરિયાદ નિવારણ રજીસ્ટર નિભાવવા બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/કોમ્પ્યુ.મોબી/૨૦૨૦/૪૨૨૪૦-૨૭૬ તા.૧૭-૧૨-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે,શાળા કક્ષાએ મળેલ ફરિયાદનો સમયસર નિકાલ થવો જરૂરી છે. આ માટે આર.ટી.ઈ. સંદર્ભે મળેલ ફરિયાદ નિવારણ માટે તૈયાર કરવામાં આવેલ મેટ્રીકસની ભારત સરકાર દ્વારા બેસ્ટ પ્રેકટીસ તરીકે નોંધ લેવામાં આવેલ છે. શાળાકક્ષાએ ફરજિયાત ફરિયાદ નિવારણ રજીસ્ટર નિભાવવાનું રહેશે. આ સાથે સામેલ પત્રમાં દર્શાવેલ સૂચનોનું પાલન કરવાનું રહેશે અને ભાગ-૧ અને ૨ મુજબ રજીસ્ટર નિભાવવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા. ૨૧-૧૨-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેક્સઃ ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં. એસએસએ/કોમ્યુ. મોબી./૨૦૨૦/ ૪૨૨૪૦-૨૭૬ તા.૦૭/૧૨/૨૦૨૦

પ્રતિ
૧. જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટરશ્રી
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા, જિઃ તમામ
૨. શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકાઃ AMC, RMC, SMC, VMC

**વિષય : ફરિયાદ નિવારણ રજીસ્ટર તથા ટોલ ફ્રી નંબર નિભાવવા અંગે.**
**સંદર્ભ : ૧.અત્રેની કચેરીના પત્રક્રમાંકઃએસએસએ/મકમ/૧૪/૫૨૬૮-૫૨૬૯.તાઃ૧૦/૦૨/૨૦૧૪ ના પત્ર અન્વયે**
**૨. પ્રા.શિ.નિ./RTE/૨૦૧૪/૬૪૯-૬૯૩.તાઃ૧૮/૦૨/૨૦૧૪ ના પત્ર અન્વયે**
**૩.માન.એસપીડીશ્રીની મંજૂર રહેલ નોંધ અન્વયે**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શાળા/SMC કક્ષાએ મળેલ ફરિયાદ (Grievance) નો સમયસર નિકાલ થવો જરૂરી છે ઉપરાંત આ માટે આરટીઇ સંદર્ભે મળેલ ફરિયાદ/ રજુઆત નિવારણ માટેની તૈયાર કરવામાં આવેલ મેટ્રીકસની ભારત સરકાર ધ્વારા" Best Practice" તરીકે નોંધ લેવામાં આવેલ છે. ફરિયાદના નિવારણની કામગીરીનું એસએમસી, સીઆરસી કો. ઓ., બીઆરસી કો. ઓ., યુઆરસી કો. ઓ., કેળવણી નિરીક્ષક, જિલ્લાના મદદનીશ જિલ્લા કો. ઓ., ડાયટના લેકચરર્સ ધ્વારા મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે. આ માટે રાજય કક્ષાથી શરૂ કરીને શાળા કક્ષા સુધી ફરિયાદ નિવારણ માટેની નીચે મુજબની પધ્ધતિ ગોઠવવાની થાય છે.

## 1. શાળા કક્ષાએ ફરિયાદ નિવારણ પધ્ધતિઃ

- ફરિયાદ નોંધવા અને ફરિયાદના નિકાલ માટે કામગીરીનું મોનીટરીંગની નોંધ કરવા માટે શાળા/SMC કક્ષાએ "ફરિયાદ રજીસ્ટર" (Grievance Register) નિભાવવામાં આવે.
- અત્રેની કક્ષાએથી દરેક શાળામાં ફરિયાદ નિવારણ રજીસ્ટર (Grievance Redressal Book) આપવામાં આવેલ છે જો તે ભરાઇ ગયેલ હોય અથવા મળેલ ન હોય તો શાળાએ સ્કુલ ગ્રાન્ટમાંથી ૨૦૦ પાનાનું રજીસ્ટર લઇ ફરિયાદ નિવારણ રજીસ્ટર નિભાવવા જણાવવુ.
- ફરિયાદ નોંધવા અને ફરિયાદના નિકાલ માટે કામગીરીનું મોનીટરીંગની નોંધ કરવા માટે શાળા/ SMC કક્ષાએ ફરિયાદ રજીસ્ટરનો નમૂનો નીચે મુજબ છે. રજીસ્ટરમાં બે ભાગ રાખવા જણાવવું.
- ભાગ-૧ શાળા/SMC કક્ષાએ મળેલ ફરિયાદ (Grievance) ના નિકાલની વિગત

- ભાગ-૨ ફરિયાદ નિકાલ કર્યા અંગેની કામગીરીની મુલાકાત/મોનીટરીંગની વિગત (રજરીસ્ટરના છેલ્લા પાંચથી સાત પાના)

| ભાગ-૧ શાળા/SMC કક્ષાએ મળેલ ફરિયાદ (Grievance Redressal) ના નિકાલની વિગત | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનુક્રમ નંબર | ફરિયાદ કર્યાની તારીખ | ફરિયાદ કરનારનું નામ અને સરનામું | મોબાઇલ/ ટેલિફોન નંબર | ફરિયાદની વિગત જણાવવી | ફરિયાદક રનારની સહી | ફરિયાદિ નકાલની વિગત જણાવવી | ફરિયાદ નિવારણ કર્યાની તારીખ | મુખ્ય શિક્ષક ની સહી | રિમાર્કસ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

| ભાગ-૨ ફરિયાદ (Grievance Redressal) ના નિકાલ કર્યા અંગેની કામગીરી મુલાકાત/મોનિટરીંગની વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| અનુક્રમ નંબર | મુલાકાતની તારીખ | મુલાકાત લેનારનું નામ અને સરનામું | હોદ્દો | થયેલ કામગીરીની ટૂંકી વિગત જણાવવી | સહી |
| | | | | | |
| | | | | | |

## 2. જિલ્લા કક્ષાએ ફરિયાદ નિવારણ પધ્ધતિઃ

- શાળા કક્ષાની જેમ જિલ્લા કક્ષાએ પણ ફરિયાદ રજીસ્ટર નિભાવવાનું રહેશે.
- ફરિયાદ રજીસ્ટર નિભાવવા, ફરિયાદ નોંધવા તથા ફરિયાદના નિકાલ માટે ડીપીસી કક્ષાએથી નકકી થયા મુજબ જિલ્લાના કો. ઓ. ની રોટેશન બેઝ મુજબ જવાબદારી આપવાની રહેશે.
- જિલ્લા કક્ષાએથી આ ટોલ ફ્રી નંબરનો પ્રચાર-પ્રસાર કરવાનો રહેશે.
- સીઆરસી/બીઆરસી મોનીટરીંગ એપમાં શાળાની મુલાકાતમાં ભાગ-(૨) મુજબ માહિતી માંગવામાં આવશે આથી સબંધિતોને જાણ કરવી.

આ ઉપરાંત રાજય કક્ષાએ પણ ફરિયાદ નિવારણની પધ્ધતિ વિકસાવવામાં આવશે. જેના નંબરની આપને ટૂંક સમયમાં જાણ કરવામાં આવશે.

એડી. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૫-A તા.૨૧-૧૨-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ઉચ્ચ પ્રાથમિક શાળાઓની દીકરીઓને 'ઓનલાઈન સ્વ-રક્ષણ તાલીમ''માં જોડાવવા બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/ગ.એ./સ્વ.તા./૨૦૧૮/૨૧/૪૨૬૦૭-૭૦૩ તા.૧૯-૧૨-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, હાલ કોવિડ-૧૯ મહામારીના કારણેશાળાઓ બંધ હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૩ વર્ષથી શિક્ષણની સાથે દીકરીઓને સ્વ-રક્ષણ તાલીમ આપવામાં આવે છે.હાલ જે રીતે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવે છે તે રીતે દીકરીઓને ઓનલાઈન સ્વ રક્ષણ તાલીમ આપવા માટે સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા ઓનલાઈન સ્વરક્ષણ તાલીમ કોર્ષ તૈયાર કરવામાં આવેલ છે. જેની શરૂઆત ૨૨ ડિસેમ્બર-૨૦૨૦ થી કરવામાં આવશે. તો સદર તાલીમ માટે ઉચ્ચ પ્રાથમિક શાળની દીકરીઓને આ અંગે જાણ કરવાની રહેશે તેમજ બિડાણ પત્રમાં દર્શાવ્યા મુજબ સૂચનોનું પાલન કરવાનું રહેશે અને દર્શાવેલ લીંક તથા સમયપત્રકની જાણ દીકરીઓને કરવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા. ૨૧-૧૨-૨૦૨૦

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી**
**સમગ્ર શિક્ષા**
સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭ (ગુજરાત રાજ્ય)
ફોન નં. : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩
ફેક્સ નં. : (૦૭૯) ૨૩૨ ૩૨૪૩૬, ૩૮૪૦૪
હેલ્પલાઈન નં. : ૧૮૦૦–૨૩૩–૭૯૬૫
E-mail : spdssa@gmail.com
: gujgenderspo@gmail.com
Web : www.ssagujarat.org

**પી. ભારતી,** (આઈ.એ.એસ.)
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &**
**કમિશ્નર–પ્રાથમિક શિક્ષણ**

નં. એસએસએ/ગ.એ./સ્વ.તા./૨૦૧૮/૨૧/ ૭૨૫૦૦-૭૦૩

તા.૧૯/૧૨/૨૦૨૦

**પ્રતિ,**

(૧) **જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા : તમામ**

(૨) **જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા : તમામ**

(૩) **એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા**

**વિષય : તમામ ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ધોરણ–૬ થી ૧૨ ની દીકરીઓને "ઓનલાઈન સ્વ–રક્ષણ તાલીમ" માં જોડાવવા બાબત**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, હાલની કોવિડ–૧૯ મહામારીને કારણે શાળાઓ બંધ હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે શિક્ષણ વિભાગ ધ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવી રહયા છે. છેલ્લા ૩ (ત્રણ) વર્ષથી શિક્ષણની સાથે દીકરીઓને સ્વ–રક્ષણ તાલીમ આપવામાં આવે છે. પરંતુ હાલ શાળાઓ બંધ હોવાથી દીકરીઓને સ્વ–રક્ષણ તાલીમ આપવી શકય નથી. સ્વ–રક્ષણ તાલીમ મહદઅંશે શારીરિક હોવાથી દીકરીઓના સ્વાસ્થ્ય પર સુપ્રભાવ પડે છે અને તેમની રોગ પ્રતિરોધક ક્ષમતામાં વધારો થાય છે. હાલ જે રીતે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવે છે તેવી રીતે દીકરીઓને ઓનલાઈન સ્વ–રક્ષણ તાલીમ આપવા માટે સમગ્ર શિક્ષા, ગાંધીનગર ધ્વારા **"ઓનલાઈન સ્વ–રક્ષણ તાલીમ કોર્ષ"** તૈયાર કરવામાં આવેલ છે. જેની શરૂઆત ૨૨, ડિસેમ્બર–૨૦૨૦ થી કરવામાં આવશે. સદર તાલીમ ધો.–૬ થી ૧૨ ની તમામ દીકરીઓને મળી રહે તે માટે નીચે મુજબનું આયોજન કરવા આપની કક્ષાએથી સબંધિતોને સૂચના થવા વિનંતી છે.

- આ કોર્ષમાં ૨૪ (ચોવીસ) ભાગ છે. જે ૮ (આઠ) અઠવાડીયા દરમિયાન અપલોડ કરવામાં આવશે.
- ૨૨, ડિસેમ્બર–૨૦૨૦ થી ૨૮, ફેબ્રુઆરી–૨૦૨૧ દરમિયાનનો રહેશે.
- આ સાથે સામેલ સમય–પત્રક મુજબ તા.૨૨.૧૨.૨૦૨૦ થી દર અઠવાડીયે મંગળવાર, ગુરૂવાર અને શનિવારના રોજ ઓનલાઈન કોર્ષમાંના ત્રણ ભાગ અપલોડ કરવામાં આવશે.
- તાલીમની લીક ધો.–૬ થી ૧૨ ની તમામ દીકરીઓને સમયસર મળી રહે તેવુ આયોજન કરવું.
- દરેક શાળામાંથી કોઈપણ એક શિક્ષકને તાલીમના નોડલ શિક્ષક બનાવવા અને તાલીમને લગતી તમામ જવાબદારી તે શિક્ષકને આપવી.
- નોડલ શિક્ષકે વિડીયોમાં આપેલ સૂચના મુજબ બીજા શિક્ષકોની મદદ લઈ કન્યાઓ પાસે સેલ્ફ ડિકલેરેશનનું ફોર્મ ભરાવવું. જેમાં શાળાનો ડાયસ કોડ નાંખવાનો હોવાથી મોનિટરીંગ દરમિયાન કઈ શાળાની વધુમાં વધુ દીકરીઓ જોડાઈ છે તે જાણી શકાય.

- જે તે શાળાની મહત્તમ/તમામ દીકરીઓ સદર ઓનલાઈન તાલીમ પૂર્ણ કરે તેની જવાબદારી જે તે શાળાની રહેશે.
- સદર કોર્ષમાં DIKSHA Portal ના માધ્યમથી જોડાઈ શકાશે.
- એક અઠવાડીયામાં ૩ (ત્રણ) ભાગ DIKSHA Portal પર અપલોડ કરવામાં આવશે.
- નીચે આપેલ લીંક તથા QR Code પર ક્લીક કરવાથી કોર્ષ પર જઈ શકાશે.

U322E8

(૧) રજિસ્ટ્રેશન માટેની લીંક : https://youtu.be/m7WeGCHMEXE

(૨) કોર્ષમાં જોડાવવા માટેની લીંક : https://diksha.gov.in/explore-course/course/do_3131730331161804801217б

- રજિસ્ટ્રેશન માટેની લીંક ઓપન કરવાથી રજિસ્ટ્રેશન કેવી રીતે કરવું. એક થી વધારે યુઝર કેવી રીતે જોડાઈ શકે તેમજ સેલ્ફ ડિકલેરેશન ફોર્મ કઈ રીતે ભરવું તેની માહિતી માટેનો એક વિડીયો આપ જોઈ શકશો. જેથી રજિસ્ટ્રેશન કરવામાં અને તાલીમમાં જોડાવવામાં સરળતા રહે.
- તાલીમમાં જોડાયા પહેલા રજિસ્ટ્રેશન કરી લેવું. રજિસ્ટ્રેશન મોબાઈલ નંબર/ઈ–મેલથી કરી શકાશે.
- પહેલો ભાગ જોયા પછી જ બીજો ભાગ જોવો આમ એક પછી એક ક્રમાનુંસાર તમામ ભાગ જોવાના રહેશે. જેથી તાલીમની પર્યાપ્તતા જળવાઈ રહે.
- તાલીમ દરમિયાન કોર્ષ પ્રોગ્રેસબારમાં ફેરફાર થતો રહેશે. જેની તાલીમ અને સર્ટિફિકેટ મેળવવા પર કોઈ અસર પડશે નહી.
- તમામ ૨૪ ભાગ જોયા પછી જે દીકરીઓએ કોર્ષ પૂર્ણ કર્યો હશે તે દીકરીઓને DIKSHA Portal પરથી જ E-Certificate મળશે.
- સ્વ–રક્ષણ તાલીમની અમુક ટેકનિક એવી છે કે જેમાં બે વ્યકિતની જરૂરીયાત ફરજિયાત છે. આથી, કોઈપણ દીકરી તાલીમ લે, પ્રેકટીસ કરે ત્યારે તેના ઘરે તેની બહેન, ભાઈ, મમ્મી, પપ્પા, બહેનપણીમાંથી કોઈને પણ પાર્ટનર તરીકે સાથે રાખી પ્રેકટીસ કરી શકે.
- તાલીમ દરમિયાન શકય હોય તો દીકરીઓએ ટ્રેકશુટ અને ટીશર્ટ અથવા કુર્તો અને પાયજામો પહેરવા જેથી કસરત કરવામાં સરળતા રહે.
- તાલીમ જમ્યા પહેલા અથવા જમ્યા પછી ૩ થી ૪ કલાક બાદ લેવી.
- ૫ વર્ષથી માંડીને ૫૦ વર્ષ સુધીની તમામ વ્યકિત આ તાલીમ લઈ શકશે.
- DIKSHA Portal પરથી મળેલ આંકડાઓ મુજબ રાજય કક્ષાથી તાલીમનું મોનિટરીંગ કરવામાં આવશે. જેથી વધુમાં વધુ દીકરીઓ (દરેક જિલ્લાની દીકરીઓના ડાયસ પ્રમાણેના લક્ષ્યાંક મુજબની દીકરીઓ) તાલીમમાં જોડાય તે સુનિશ્ચિત કરશો.

(પી. ભારતી)

**<u>બિડાણ</u> :** સમય–પત્રક

**<u>નકલ રવાના જાણ તથા કાર્યવાહી અર્થે :</u>**

– મદદનીશ જિલ્લા કો. ઓ. – ગર્લ્સ એજયુકેશન, સમગ્ર શિક્ષા, જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા અને કોર્પોરેશન તમામ

# સમય-પત્રક

| "ઓનલાઇન સ્વ-રક્ષણ તાલીમ કોર્ષ"<br>વર્ષ ૨૦૨૦-૨૧ | | | |
|---|---|---|---|
| ક્રમ | તારીખ | વાર | ભાગ |
| ૧ | ૨૨.૧૨.૨૦૨૦ | મંગળવાર | ભાગ-૧ |
| ૨ | ૨૪.૧૨.૨૦૨૦ | ગુરુવાર | ભાગ-૨ |
| ૩ | ૨૬.૧૨.૨૦૨૦ | શનિવાર | ભાગ-૩ |
| ૪ | ૨૯.૧૨.૨૦૨૦ | મંગળવાર | ભાગ-૪ |
| ૫ | ૩૧.૧૨.૨૦૨૦ | ગુરુવાર | ભાગ-૫ |
| ૬ | ૦૨.૦૧.૨૦૨૧ | શનિવાર | ભાગ-૬ |
| ૭ | ૦૫.૦૧.૨૦૨૧ | મંગળવાર | ભાગ-૭ |
| ૮ | ૦૭.૦૧.૨૦૨૧ | ગુરુવાર | ભાગ-૮ |
| ૯ | ૦૯.૦૧.૨૦૨૧ | શનિવાર | ભાગ-૯ |
| ૧૦ | ૧૨.૦૧.૨૦૨૧ | મંગળવાર | ભાગ-૧૦ |
| ૧૧ | ૧૪.૦૧.૨૦૨૧ | ગુરુવાર | ભાગ-૧૧ |
| ૧૨ | ૧૬.૦૧.૨૦૨૧ | શનિવાર | ભાગ-૧૨ |
| ૧૩ | ૧૯.૦૧.૨૦૨૧ | મંગળવાર | ભાગ-૧૩ |
| ૧૪ | ૨૧.૦૧.૨૦૨૧ | ગુરુવાર | ભાગ-૧૪ |
| ૧૫ | ૨૩.૦૧.૨૦૨૧ | શનિવાર | ભાગ-૧૫ |
| ૧૬ | ૨૬.૦૧.૨૦૨૧ | મંગળવાર | ભાગ-૧૬ |
| ૧૭ | ૨૮.૦૧.૨૦૨૧ | ગુરુવાર | ભાગ-૧૭ |
| ૧૮ | ૩૦.૦૧.૨૦૨૧ | શનિવાર | ભાગ-૧૮ |
| ૧૯ | ૦૨.૦૨.૨૦૨૧ | મંગળવાર | ભાગ-૧૯ |
| ૨૦ | ૦૪.૦૨.૨૦૨૧ | ગુરુવાર | ભાગ-૨૦ |
| ૨૧ | ૦૬.૦૨.૨૦૨૧ | શનિવાર | ભાગ-૨૧ |
| ૨૨ | ૦૯.૦૨.૨૦૨૧ | મંગળવાર | ભાગ-૨૨ |
| ૨૩ | ૧૧.૦૨.૨૦૨૧ | ગુરુવાર | ભાગ-૨૩ |
| ૨૪ | ૧૩.૦૨.૨૦૨૧ | શનિવાર | ભાગ-૨૪ |